પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૨ | ૨૨ ડિસેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પાકિસ્તાને ૨૯૧ માછીમારોને મુક્ત કર્યા

પાકિસ્તાને ૨૯૧ માછીમારોને મુક્ત કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં મોટાભાગના ગુજરાતી છે. ૨૯મી ડિસેમ્બર અને ૮મી જાન્યુઆરીએ વાઘા બોર્ડર પર તેમને મુક્ત કરાશે.

### સલમાનખાન સામે બાવળામાં ફરિયાદ

બોલીવુડ એકટર સલમાનખાન અને શિલ્પા શેટ્ટી વિરૂદ્ધ બાવળા પોલીસ મથકમાં ફરિયાદ કરાઈ છે. વાલ્મીકી સમાજ દ્વારા જિલ્લા પોલીસ વડા સમક્ષ કરાયેલી ફરિયાદમાં જાતીસૂચક શબ્દો દ્વારા વાલ્મીકી સમાજને અપમાનિત કરાયા હોવાનું કહેવાયું છે.

### વજુભાઈ વાળા મધ્યપ્રદેશના રાજ્યપાલપદે નિમાયાની અટકળો

કર્ણાટકના રાજયપાલ વજુભાઈ વાળા મધ્યપ્રદેશના રાજયપાલપદે નિમાય એવી શક્યતા છે. કર્ણાટકની પડતર ફાઈલો કલીયર કરવા વજુભાઈને સૂચના અપાઈ છે. અત્યારે મધ્યપ્રદેશના રાજ્યપાલનો હવાલો ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી સંભાળી રહ્યા છે.

# ટુ-જી કૌભાંડના આરોપીઓ નિર્દોષ

## દેશના સૌથી મોટા ૧.૭૬ હજાર કરોડના ટુ-જી કૌભાંડમાં એ.રાજા, કનિમોઝી સહિત તમામને સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે નિર્દોષ જાહેર કર્યા : યુપીએ સરકાર અને મારા વિરુદ્ધ ખોટા પ્રચારનો જવાબ આજે વિપક્ષને મળ્યો : મનમોહનસિંહ

ન્યુ દિલ્હી,તા.૨૧ દેશના સૌથી મોટા ૨જી



કૌભાંડમાં સીબીઆઈની સ્પેશ્ય કોર્ટ એ તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરી દીધા છે. જજએ એક જ લાઈનમાં પોતાનો નિર્ણય સંભળાવ્યો. જજ ઓ.પી.સૈનીએ કહ્યું કે પ્રોસિક્યુશન પક્ષ કેસને સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું. આ કેસમાં પૂર્વ ટેલિકોમ મંત્રી એ.રાજા અને DMK ચીફ એમ. કરૂણાનિધિના દીકરી અને રાજ્યસભા સાંસદ કનિમોઝીને પણ નિર્દોષ જાહેર કરી દેવાયા છે. નિર્ણય સંભળાવતા સમયે રાજા અને કનિમોઝી પટિયાળા હાઉસ કોર્ટમાં હાજર હતા. બીજીબાજુ કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે આ તેમની નૈતિક જીત છે.

આ કૌભાંડ થયું ત્યારે વડાપ્રધાન તરીકે મનમોહન સિંઘ હતા. તેમણે ગુરૂવારે કોર્ટનો ચૂકાદો આવ્યો ત્યારે કહ્યું હતું કે અમે કોર્ટના નિર્ણયનું સન્માન કરીએ છીએ. તેમણે કહ્યું હતું કે યુપીએ સરકાર વિરુદ્ધ દુષ્પ્રચાર કરવામાં આવ્યો હતો. ખોટી નિયતથી યુપીએ સરકાર પર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ સ્કેમના કારણે મારા વિરુદ્ધ ખોટો પ્રચાર કરવાનો જવાબ આજે સરકારને મળ્યો છે. કોર્ટના નિર્ણયથી તમામ આરોપો પાયાવિહોણા સાબિત થઈ ગયા છે. આ આરોપો ખરાબ દાનત સાથે લગાવવામાં આવ્યા હતા. કોંગ્રેસ પક્ષે માંગણી કરી છે કે વિનોદ રાયે માફી માંગવી જોઈએ. ઉલ્લેખનીય છે કે વિનોદ રાય હાલમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સંચાલન માટે નિમવામાં આવેલી વહીવટી સમિતિના પ્રમુખ છે.

ચુકાદો સંભળાવતા જ રાજા અને કનિમોઝીએ હાથ જોડીને જજનો આભાર માન્યો હતો. આ દરમ્યાન રાજા અને કનિમોઝીના સમર્થકોએ સૂત્રોચ્ચાર પણ કર્યા. કોર્ટમાં સમર્થકોની ભારે ભીડ હતી. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસે ઘણી મહેનત કરવી પડી. હવે મોટો પ્રશ્ન એ છે કે કેગના રિપોર્ટમાં જે કૌભાંડની વાત કરાઈ, તેના માટે જવાબદાર કોણ છે?

જજ ઓ.પી. સૈનીએ કહ્યું કે પૈસાની લેવડદેવડ સાબિત થઈ શકી નથી આથી હું તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરી રહ્યો છું. દિલચસ્પ વાત એ છે કે કોર્ટ એ એ નથી કર્યું કે કૌભાંડ થયું નથી. કોર્ટે કહ્યું કે આરોપોની દ્રષ્ટિથી એજન્સીઓ પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યું.

### ટુ-જી કૌભાંડમાં કોંગ્રેસ કોર્ટના ચુકાદાને સર્ટિફિકેટ ન સમજે : અરૂણ જેટલી

૨-જી કૌભાંડ પર સીબીઆઈની ખાસ કોર્ટના નિર્ણય બાદ કોંગ્રેસના પ્રહારોનો જવાબ આપવા માટે સરકારની તરફથી નાણાંમંત્રી અરૂણ જેટલીએ સામે આવ્યા છે. તેમણે ભારપૂર્વક કર્યું કે ૨જી લાઈસન્સ ફાળવણીમાં યુપીએ સરકારની તરફથી ભ્રષ્ટાચાર કરાયો હતો. તેમણે આગળ કહ્યું કે સુપ્રીમ કોર્ટે પણ ફાળવણી પ્રક્રિયાને ખોટી માની હતી. કોંગ્રેસ નેતાઓના આક્રમક વલણને લઈ જેટલીએ કટાક્ષ કર્યો હતો કે નિર્ણયથી કોંગ્રેસ ખુશ થઈ રહી છે. બીજીબાજુ જેટલીની પ્રતિક્રિયા બાદ તરત જ કોંગ્રેસ પ્રવકતા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે અરૂણ જેટલી જુઠ્ઠાણાના સરદાર છે. તેમણે આગળ કહ્યું કે જુઠ્ઠાણાના કાળા વાદળ ઘેરાયેલા છે. સીબીઆઈ કોર્ટ એ સાબિત કર્યું કે સત્યની જીત થઈ. મોદીજી, ભાજપા, વિનોદ રાય એ ષડયંત્ર રચીને તેને બેનકાબ કરી દીધું. શું તેઓ તમામ દેશપાસે માફી માંગશે. તેમણે કહ્યું કે જુઠ્ઠાણાની સીડી બનાવીને ભાજપા સત્તા સુધી પહોંચી.

### મારી ઝીરો લોસ વાળી વાત સાચી સાબિત થઈ : કપિલ સિબ્બલ

કપિલ સિબ્બલે કહ્યું છે કે, મારી ઝીરો લોસ વાળી વાત સાબીત થઈ છે. અમે પાયાવિહોણી વાતો નથી કરતા. ત્યારે વિપક્ષે દેશને ખોટી માહિતી આપી હતી. ખૂબ હોબાળો કર્યો હતો. હવે વિપક્ષ અને વિનોદ રાયે દેશ સામે માફી માગવી જોઈએ.

કોઈ કરપ્શન નહતું થયું, કોઈ નુકસાન નહતુ થયું. જો કોઈ સ્કેમ છે તો તો કે અસત્યનો સ્કેમ છે. અપક્ષ અને વિનોદ રાયના અસત્યનો સ્કેમ. વિનોદ રાયે દેશની સામે માફી માગવી જોઈએ.

### સાબિત થયું કે આરોપો ખોટા હતા : ચિદમ્બરમ

પૂર્વ નાણાપ્રધાન પી. ચીદમ્બરમે કહ્યું કે, કોર્ટેના નિર્ણયથી સાબીત થઈ ગયું છે કે, સરકાર પર જે કૌભાંડનો આરોપ લગાવવામાં આવ્યા હતા તે ખોટા છે.

### નિર્દોષોનો ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા હતા : થરુર

કોંગ્રેસના સીનિયર લીડર અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શશિ થરુરે જણાવ્યું- કોર્ટે પણ સ્પષ્ટ રીતે જોયું કે, નિર્દોષ લોકોને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા હતા. જસ્ટિસે તેમનું કામ કરી બતાવ્યું છે, જેવી આપણાં દેશે તેમની પાસે અપેક્ષા રાખી હતી.


## ડો. સી. જે. ચાવડા સાહેબનો અભિવાદન સમારોહ



સમસ્ત રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા ગાંધીનગરના લોકલાડીલા અને વિધાનસભામાં જ્વલંત વિજય મેળવનારા સમાજના ભામાશા અને મોભી એવા **ડો. સી. જે. ચાવડા સાહેબનો** અભિવાદન સમારોહ **તા. ૨૪-૧૨-૨૦૧૭ને રવિવારે બપોરે ૩.૦૦ કલાકે રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર** ખાતે રાખેલ છે. આ કાર્યક્રમમાં શહેર અને જિલ્લામાં વસતા તમામ રાજપૂત ભાઈ-બહેનોને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.

કાર્યક્રમ બાદ સ્વરૂચિ ભોજન રાખેલ છે. સહકારની અપેક્ષા સહ...

**વિક્રમસિંહ ગોલ** — પ્રમુખ
**પ્રદિપસિંહ બિહોલા** — મહામંત્રી






## જોઈએ છે

- CNC બેન્ડીગ મશીન ઓપરેટર - ૧
- મીગ વેલ્ડર - ૨
- હેલ્પર - ૧૦

-: સંપર્ક :-
૮૪૬૦૪૪૫૪૦૮





